અપીલ અરજી નં.૨૧૨,૨૧૩ તા.૧૨–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કમળાબેન જેસીંગભાઈ ડાભી

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમળાબેન જેસીંગભાઈ ડાભીની તા.૪–૯–૦૯ ની બે અરજી પૈકી અપીલ નં.૨૧૨ (ર.૧) શ્રી અરવિંદસિંહ સુણવા ધ્વારા ન.પ્રા.શિ. સમિતિ સુરત માં **C.R.C.CO.O** તરીકે ઉમેદવારી નોંધાવી હોય તે લેખિત ઉમેદવારી અરજી પત્રકની નકલ વિ. મુદ્દા નં.ર.૧ થી ર.૧૬ ની માહિતી આપવા બાબત. તથા બીજી અરજી સામે અપીલ નં.૨૧૩ થી તા.ર૩–ર–૦૭ થી તા.ર૩–૭–૦૯ સુધી યુઆરસી ખાતાની પાસબુક બેંક સ્ટેટબેન્ક વાઉચરો, એડવાન્સ તમામ યોજનાઓ, સ્ટેટ પ્રોજેકટ કચેરીનો પત્ર વ્યવહાર **C.R.C.CO.O** પત્ર માં ફરજ બજાવેલ, નિવૃત,રાજીનામાં, સીઆરસીઓની પ્રમાણિત નકલ, ફર્નીચર તથા તેનો ઉપયોગ ડાયેટ, સીઆરસીઓ અને એનજીઓ સાથે થયેલા પત્ર વ્યવહાર વિગેરે મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૨–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૨,૨૧૩/૨૦૦૯–૧૦

શ્રી કમળાબેન જેસીંગભાઈ ડાભીની તા.૪–૯–૦૯ ની બે અરજી પૈકી એક અરજી (ર.૧) શ્રી અરવિંદસિંહ સુણવા ધ્વારા ન.પ્ર ા.શિ. સમિતિ સુરત માં **C.R.C.CO.O** તરીકે ઉમેદવારી નોંધાવી હોય તે લેખિત ઉમેદવારી અરજી પત્રકની નકલ વિ. મુદ્દા નં.ર.૧ થી ર.૧૬ ની માહિતી આપવા બાબતે અપીલ નં.૨૧૨ માં નિયત સમયઅવધિમાં કોઈ પત્તયુત્તર પાઠવેલ ન હોવાનું નિયમ મુજબ કોઈ પત્ર આપ્યો નથી અને માહિતી આપી નથી તથા બીજી અરજીમાં તા.ર૩–ર–૦૭ થી તા.ર૩–૭–૦૯ સુધી બેંક વ્યવહાર ખર્ચબીલ અને વાઉચર એડવાન્સ,ફર્નીચર ડાયેટ એન.જીસ.ઓ અને સીઆરસીના પત્ર વ્યવહાર તથા ફાઈલ બાબતે દ્દા નં.૧ થી ૧૩ સામેની અપીલ નં.૨૧૩ માં કાયદાનો અનાદર કોઈ પ્ર ત્યુત્તર નથી આઈ ડી. નંબર જણાવ્યો નથી સ્વીકૃતિ પત્ર આપ્યો નથી અને માહિતી આપી નથી. તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૦–૦૯ ના રોજ બંને અરજીઓ સામે અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદાર તથા વિષય વસ્તુ એક જ હોય બંને અપીલોને જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવામાટે અપીલ નં.૨૧૨ પત્ર નં.આરટીઆઈ સ ેલ/૭૮૨ તા.૧૬–૧૦–૦૯ થી તથા અપીલ નં.૨૧૩ નં.આરટીઆઈ સેલ/૭૯૧ તા.૨૧–૧૦–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અપીલ નં.૨૧૨/૨૧૩ પત્ર ક્રમાંક નં.૧૧૭ તા.૨૮–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી પૂરી પાડવા અંગે જાવક નં.૧૦૦ તા.૩૦–૯–૦૯ થી પાઠવેલ પત્રની નકલ, તથા તે અંગે યુપીસી ધ્વારા પોસ્ટ કર્યાની પુરાવાની નકલ તથા તા.૩૦–૯–૦૯ તથા તા.૩–૧૦–૦૯ અરજદાર સરનામાં ઉપર હોતા નથી તેવા ટપાલબુકના શેરાની નકલ તથા બીપીએલ કાર્ડની નકલ અત્રે રજૂ કરેલ છે. તથા અરજદારને બીપીએલ કાર્ડના વ્યવસાય બાબતે તા.૨૬–૧૦–૦૯ ના પત્ર રજૂ કરેલ છે તથા અપીલ નં.૨૧૩ ની મુળ અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.ર.૧ અરવિંદસિંહ સુણવા ધ્વારા ન.પ્રા.શિ.સ સુરતમાં **C.R.C.CO.O** તરીકે ઉમેદવારી નોંધાવી હોય તે ઉમેદવારી અરજીપત્રકની નકલ. ર.ર **C.R.C.CO.O** તરીકે નિમણૂંક કરવા કયારે? કયા? કોણે? ઈન્ટરવ્યુ લીધા તેની તારીખ, વાર, નામ અને સરનામાં સહિતની માહિતી ર.૩ તેમની વિધિવત નિમણૂંક આપવામાં આવેલ નિમણૂંક પત્ર અને સ્વીકૃતિ પત્રની નકલ. ર.૪ તેઓ કઈ તારીખથી જવાબદારી ફરજ બજાવે છે તેની માહિતી. ર.પ તેમના ધ્વારા બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં.૨૭૦૦/૦/૦૦૦ ૬૫૮૦૧ થકી કયારથી નાણાકીય લેવડ દેવડ થઈ રહી છે તે તારીખની માહિતી તથા બેંકના સ્ટેટમેન્ટ તથા પાસબુકની નકલ. ર.૬ તેઓ ન.પ્રા.શિ.સ. માં શિક્ષક તરીકે કયારે નિમણૂંક પામ્યા તેની તારીખ. ર.૭ કઈ શાળાઓ માટે જવાબદારી સંભાળી રહયા છે તેની માહિતી. ર.૮ તેમને શાસનાધિકારી પ્રો.કો.ઓ. સુરત ધ્વારા ઈ.ચા. **C.R.C.CO.O** તરીકે ચાર્જ આપ્યો હોય અને આ અંગે કોઈ લેખિત નિમણૂંક હુકમ હોય તેની પ્રમાણિત નકલ. ર.૯ તા.૩૧–૭–૦૯ થી ઈ.ચા. ધ્વારા તા.૪–૯–૦૯ સુધી કરેલી કામગીરીની તારીખ વાર શાળાવાર અહેવાલની પ્રમાણિત નકલ. ર.૧૦ ઈ.ચા. તરીકે શાળા નં.૧૩૧ માં આવેલ એસએસએ સબંધી કાર્યાલયમાં કઈ તારીખે કેટલો સમય ઉપસ્થિત રહયા તેની તારીખવાર, સમયવાર માહિતી. ર.૧૧ ઈ.ચા. તરીકે તેમના ધ્વારા સુરતની કઈ કયા નંબરની શાળાઓની કયારે મુલાકાત લીધી તેની માહિતી. શાળાની વીઝીટબુકમાં કોઈ વિશેષ નોંધ કરી હોય કે **C.R.C.CO.O** કે નોંધપોથીમાં વિશેષ નોં કરી હોય તો તે અંગેના અહેવાલની માહિતી. ર.૧ર ઈ.ચા. તરીકે **C.R.C.CO.O** સાથે ઓન ડયુટી કઈ તારીખે કઈ શાળામાં કઈ કચેરીમાં કયા કામ અર્થે મીટીંગ કરી તે મીટીંગના કરેલ આયોજન અંગેની માહિતી. ર.૧૩ ઈ.ચા. તરીકે ન.પ્રા.શિ.સ. સુરતની મુખ્ય કાર્યાલયે કઈ તારીખે કયા કામ અંગે ઓન ડયુટી મુલાકાત લીધી તેની તારીખવાર મુલાકાત લેતી વેળા પ્રવેશ રજીસ્ટરમાં પ્રવેશ અંગેની નોંધ કરી હોય તો તેની માહિતી. ર.૧૪ તેમના ધ્વારા એસએસએ સબંધી કરેલ તમામ ખર્ચ સબંધિત રજૂ કરેલા વાઉચરો બીલો રજૂ કરેલા હિસાબોની **C.R.C.CO.O** નિમણૂંકથી તા.૩૧ –૭–૦૯ સુધીની તમામ દસ્તાવેજની પ્રમાણિત માહિતી ર.૧૫ તેમની **C.R.C.CO.O** તરીકે એસએસએ સબંધી થયેલ તાલીમો, શિબીરો દરમ્યાન તાલીમાર્થીઓને આપેલ નાણાનો શિક્ષકવાર મીટીંગવાર તારીખવાર, વર્ષવાર રજૂ કરેલ હિસાબોની તા.૩૧–૭–૦૯ સુધીની પ્રમાણિત નકલ. ર.૧૬ તા.૨૪–૭–૦૯ થી તા.૩૦–૭–૦૭ સુધી તેમને **C.R.C.CO.O** તરીકે શું કામગીરી કરી તેની તારીખવારની કામગીરીનો અહેવાલ. આમ અરજદારે મુદ્દા નં.ર.૧ થી ર.૧૬ સુધી માહિતીની માંગણી કરેલ છે.તથા બીજી અરજીમાં (૧) તા.ર૩–ર–૦૭ થી તા.ર૩–૭–૦૯ સુધીની યુઆરસી ખાતાની પાસબુક અને બેંક સ્ટેટમેન્ટની પ્રમાણિત નકલની માહિતી (ર) યુઆરસી કો.ઓ. તા.ર૩–૭–૦૯ સુધીના તમામ ખર્ચના વાઉચરોની માહિતી (૩)શાસનાધિકારી અને પ્રોજેકટ કો.ઓ. ધ્વારા **U.R.C.CO.O** ને તા..ર૩–૭–૦૯ સુધીમાં આપવામાં આવેલ એડવાન્સ રકમની તારીખવાર માહિતી (૪) એસ.એસ. એ સબંધી તમામ યોજનાઓ સંદર્ભની આજ સુધીની વર્ષવારની ફાઈલોની પ્રમાણિત નકલ (પ) તા.ર૩–૭–૦૯ સુધીની તમામ રોજમેળ ખાતાવાહી ચેક રજીસ્ટર તથા ડેડસ્ટોક રજીસ્ટરની વર્ષવાર માહિતી (૬,૭) સ્ટેટ પ્રોજેકટ કચેરીએથી આવેલ તમામ પત્રોની માસવાર અને વર્ષવાર ક્રમાનુસાર માહિતી (૮) ન.પ્ર ા.શિ.સ. માં સી.આર.સી કો.ઓ. તરીકે ફરજ બજાવતાં, નિવૃત થયા હોય કે રાજીનામાં મુકયા હોય, ફરજ બજાવતાં હોય તેવા તમામ સી.આર.સીઓની પ્રમાણિત નકલ(૯) સ્ટેટ પ્રોજેકટ કચેરીએથી આજ દિન સુધી ફાળવેલ તમામ પ્રકારના રાચરચીલા ફર્નીચરના નામ તથા તેનો કયા સ્થળે કેવો ઉપયોગ થાય છે તેની માહિતી (૧૦) વર્ષવાર આજ પર્યન્ત કરવામાં આવેલ ખર્ચ સબંધી તમામ ફાઈલોની પ્રમાણિત નકલ (૧૧) ડાયેટ સાથે થયેલા તમામ પત્ર વ્યવહારની ફાઈલ (૧૨) સીઆરસીઓ સાથે થયેલા પત્ર વ્યવહારની ફાઈલ (૧૩)એન.જી.ઓ. સાથે થયેલા પત્ર વ્યહારની નકલો આપવા બાબતની માહિતી જે અંગે મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગવામાં આવેલ છે.

અરજદારની ઉપરોકત પેરામાં જણાવેલ બંને અરજીઓના વિષય વસ્તુ બાબતેની માહિતીની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૨–૧૦–૦૯ ના રોજ અપીલ નં.૨૧૨ કરી અપીલના કારણોમાં કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી નિયમ મુજબના કોઈ પત્રો આપ્યા નથી માહિતી નકારી નથી માહિતી આપી નથી સમય મર્યાદાનો ભંગ કર્યો છે તથા અપીલ નં.૨૧૩ કાયદાનો અનાદર કોઈ પ્રત્યુત્તર નથી આઈ ડી. નંબર જણાવ્યો નથી સ્વીકૃતિ પત્ર આપ્યો નથી અને માહિતી આપી નથી. તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.૧૦૦ તા.૩૦–૯–૦૯ થી પાના નંગ ૧૦૧૩૬૧ પ્રતિ નંગ ૨ લેખે રૂા.૨૦૨૭૨૨/– ભરપાઈ કરી મેળવવા અરજદારના અરજીના સરનામે પત્ર પાઠવેલ છે. જે અંગે પત્ર પાઠવ્યાની યુપીસી કર્યાની નકલ તથા તે સરનામે ટપાલબુક ધ્વારા પ્રત્યક્ષ પટાવાળા મારફતે અરજદારના સરનામે મોકલવામાં આવેલા. જે અંગે અરજદાર સરનામે હોતા નથી તેવી તા.૩૦–૯–૦૯ અને તા.૩–૧૦–૦૯ ના રીમાર્કસ સાથેની ટપાલબુકની નકલ રજૂ કરેલ છે. અરજદાર ૧૫૫,૧૫૮ વૃદાવન એપાર્ટ., ફલેટ નં.૨, વિજયનગર–૨, વેડરોડ, કતારગામ, સુરતના સરનામે બીપીએલ કાર્ડ ધારક છે. જે કાર્ડની નકલ અત્રે રજૂ કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ સરનામે અરજદાર રહેતા ન હોય તેમના સભ્યના વ્યવસાયની બાબતે પત્ર નં.૧૧૪ તા.૨૬–૧૦–૦૯ ના રોજ પાઠવેલ પત્ર અત્રે રજૂ કરેલ છે. જે અંગે તા.૧૧–૧૧–૦૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલી સુનાવણી બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ૮૪૨ તા.૫–૧૧–૦૯ ના રોજ અરજદાર તથા જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદાર ૪.૪૫ કલાક સુધી સુનાવણીમાં હાજર રહેલ નહીં. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી હેડ કલાર્ક શ્રી પ્રમોદભાઈ ચૌધરીએ હાજર રહી રજૂઆત કરેલ કે અરજદારની અરજીનું સરનામુ તથા બીપીએલ કાર્ડનું સરનામું અલગ છે. અરજદારને અરજીના સરનામે યુપીસીથી તથા વ્યકિતગત ડીલીવરીથી પત્ર મોકલવામાં આવેલ છે. અરજદાર તેઓના સરનામે રહેતા નથી. તેઓએ તેવું જણાવતી અરજી આપેલ છે જે સુનાવણી સમયે રજૂ કરેલ છે. અરજદારે તેમના પ્ર તિનિધિને માહિતી આપવા જણાવેલ છે. તેઓએ બીજી અરજીમાં ચોકકસ સરનામું જણાવવા ઈન્કાર કરેલ છે. સુનાવણી સમયે રજૂ કરેલ તા.૩૦–૧૦–૦૯ ની અરજીમાં અરજદારે તા.૪–૯–૦૯ ની બંને અરજીઓની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે તે બાબતે કોઈ પત્ર હોય અથવા માહિતીના કાગળો હોય તો શ્રી અશોકભાઈ દિનેશભાઈ રાવતકાને તેમને અરજીમાં જણાવેલા સરનામે રહેતા તેમના સબંધીને આપેલી માહિતીને મને મંજુર રહેશે. તેની ખાત્રી પણ આપેલ છે. તથા તેમના તા.૬–૧૧–૦૯ ના પત્રમાં તેઓએ જણાવ્યું છે કે ૧૨/૧ ૬૭૬ રૂમ નં.૨ સૈયદવાડા, સુરતના સ્થળે તેઓ રહેતા નથી માત્ર પત્ર વ્યહારની સગવડતા ખાતર સરનામું કેર ઓફ જણાવેલ છે. વધુમાં એ પણ જણાવેલ છે કે હાલમાં હું જયાં રહું છું તેનું સરનામું હું જણાવી શકું તેમ નથી. મારુ કોઈ ઘર નથી કે હું કોઈ નોકરી કરતી નથી. પરંતુ અરજદાર બીપીએલ કાર્ડ ધારક હોય અરજદારે ફી ભરપાઈ નહીં કરતાં વિના મૂલ્યે માહિતી મેળવવાનો ઈરાદો જાહેર કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અને તેના વ્યાપ જોતાં આરટીઆઈ એકટની કમલ–૭(૯) હેઠળ જાહેર સત્તા મંડળના નાણાકીય સ્ત્રોત બદલાતાં હોય તેવા કિસ્સામાં અરજદારે માંગેલ નમુના કે પત્રકમાં માહિતી આપવી અનિવાર્ય બનતી નથી. તેવી જોગવાઈ છે. પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેવી કોઈ કાર્યવાહી અનુસર્યાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા બીપીએલ અરજદારને નાણા ભરવા જણાવતો પાઠવેલ પત્ર કાયદાની કલમ–૭(૫) ની જોગવાઈ સાથે સુસંગત નથી.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૯–૦૯ ની બંને અરજીઓ અંગે હુકમની તારીખથી દિન–૭ માં અરજદારને કાયદાની કલમ–૭(૯) હેઠળ વિવાદ હેઠળનું દફતર નિભાવેલ કચેરીમાં દફતર તપાસણી માટે અરજદારની અરજીમાં જણાવેલ સરનામે તેમના તા.૩૦–૧૦–૦૯ ના પત્રમાં જણાવેલ વિગતે તપાસણી માટે પત્ર પાઠવી તપાસણી માટે બોલાવવા તથા તપાસણી પશ્ચાત અરજદાર સૂચવે તે મુદ્દાવાઈઝ ખપ પૂરતી નકલો આરટીઆઈ કલમ–૭(૫) હેઠળ અરજદારને પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી.ન.પ્રા.શિ.સ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કમળાબેન જેસીંગભાઈ ડાભી